ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, **ભાવનગર.**

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૦૪/૨૨–૨૩/ 830 તારીખ : 28 APR 2023

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૦૪/૨૨–૨૩

પ્રતિ,
**શ્રી દિપેશકુમાર કીરીટભાઈ ત્રિવેદી,**
બી-૭૦૧, વિશ્રામનગર.
મેમનગર, સરકારી ક્વાર્ટસ,
**અમદાવાદ.**

**મો.નં–૬૩૫૪૬૩૧૨૨૧**

**વિષય : નોટીસ આપ્યા વગર વિજ જોડાણ કાપી નાખવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૧/૦૩/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૦/૦૩/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૪/૨૨–૨૩/e-૧૩૬૯૩૬ તા.૨૧/૦૩/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૪/૨૨–૨૩/૭૧૯ તા.૦૫/૦૪/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૮/૦૪/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

O/C

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
શહેર વિભાગીય કચેરી–૧, **ભાવનગર.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **કાળાનાળા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

## ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૦૪/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી દિપેશકુમાર કીરીટભાઈ ત્રિવેદી,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૮/૦૪/૨૦૨૩** ◈

**વાદી** :– ગેરહાજર.

પ્રતિવાદી :– **શ્રી** ટી. એમ. પંડ્યા, **કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૧, ભાવનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી દિપેશકુમાર કીરીટભાઈ ત્રિવેદી, મું.ભાવનગરની નોટીસ આપ્યા વગર વિજ જોડાણ કાપી નાખવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૦૪/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૪/૨૨–૨૩/e-૧૩૬૯૩૬ તા.૨૧/૦૩/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૮/૦૪/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી ગેરહાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી ટી. એમ. પંડ્યા, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૧, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીશ્રી જણાવે છે કે, અમો ગ્રાંહક નંબર–૩૦૪૩૧/૦૪૧૧૬/૪ થી રહેણાક હેતુનું ૦.૫ કિલોવોટ નું વીજ કનેકશન ધરાવીએ છીએ.

૧.૨ વાદીશ્રી જણાવે છે કે, હું નામદાર હાઈકોર્ટમાં અમદાવાદ ખાતે નોકરી કરૂં છું.

૧.૩ વાદીશ્રી જણાવે છે કે, મારા વતન ભાવનગર ખાતે રબ્બર ફેકટરી, ફલેટ નંબર સી/૩, પરાગ એપાર્ટમેન્ટ, ભાવનગર ખાતે ફલેટ ધારક છું અને મારો ફોન નંબર–૬૩૫૪૬૩૧૨૨૧ છે.

૧.૪ વાદીશ્રી જણાવે છે કે, મારો ફલેટ ઘણા સમયથી બંધ હાલતમા છે અને હું મારા વતન ખાતે આવી શકેલ નથી.

૧.૫ વાદીશ્રી ની રજુઆત છે કે, ફલેટ બંધ હાલતમાં હોય વીજ બીલ મામુલી રકમનું આવતું હોય તેમ છતાં તમારા કર્મચારીએ અમોને જાણ કર્યા વગર કે નોટીસ આપ્યા વગર અમારૂં વીજ જોડાણ કાપી નાખેલ છે.

૧.૬ વાદીશ્રી દ્વારા જણાવવામાં આવે છે કે, હું નામદાર હાઈકોર્ટ અમદાવાદ ખાતે નોકરી કરતો સરકારી કર્મચારી હોય તો મને ન્યાય આપવા વિનંતી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ અરજદારશ્રી ગ્રાહક નંબર–૩૯૪૩૧/૦૪૧૧૬/૪ થી રહેણાંક હેતુનું ૦.૫ કિલોવોટ નું વિજ કનેકશન ધરાવે છે.

૨.૨ ગ્રાહક દ્વારા તા.૨૭.૦૫.૨૦૧૯ ના રોજ રકમ રૂા.૩૦/–ભરપાઈ કર્યા બાદ માહે જુન–જુલાઈ–૨૦૧૯થી માહે ફેબ્રુઆરી–માર્ચ–૨૦૨૦ સુધીના કુલ ૧૦ માસની બીલની રકમ રૂા.૧૪૮/૨૪ બાકી રકમ થયેલ.

૨.૩ ગ્રાહકના ખાતામાં રકમ રૂા.૧૪૮/૨૪ બાકી હોવાથી તા.૧૬.૦૩.૨૦૨૦ ના રોજ NPDC CR No.૩૬૫૧ થી મીટર સ્થળ પરથી ઉતારી લીધેલ હતું. ઉપરાંત જણાવવાનું કે, વીજ વપરાશનું બીલ ગ્રાહક ને આપવામાં આવે છે તેમાંજ ઇનબિલ્ટ નોટીસ ૫૬(૧) મુજબ અપાયેલ હોય છે. જેમાં આ બીલ કામ નોટીસ મળ્યેથી દિવસ (૧૫) પંદરમાં ભરપાઈ ન થાય તો આપનો વીજ પુરવઠો બંધ કરવામાં આવશે. આમ, દસ દિવસ બિલીંગ પીરીયડ અને પછીના પંદર દિવસ કનેકશન ડીશ કનેકશન ને પાત્ર બને છે.

૨.૪ ત્યારબાદ, પત્ર નં–KNSD/1324 તા.૨૦/૦૪/૨૦૨૦ ના રોજ ૩૦ દિવસની નોટીસ ગ્રાહકને RPAD થી બજાવેલ.

૨.૫ ગ્રાહક દ્વારા તા.૩૦/૦૪/૨૦૨૦ ના રોજ રકમ રૂા.૧૪૮/– ઓનલાઈન મોડથી બિલ પેમેન્ટ કરેલ. પરંતુ,ગ્રાહક દ્વારા રી કનેકશન અને રીફીકસીંગ ચાર્જ પેટેની રકમ ભરપાઈ કરેલ ન હોય ગ્રાહકનું વિજ જોડાણ રીકનેકશન થયેલ ન હતું.

૨.૬ ગ્રાહક દ્વારા માહે એપ્રિલ–મે–૨૦૨૦ ના બિલ પેટેની રકમ તા.૨૩/૦૭/૨૦૨૦ ના રોજ રકમ રૂા.૩૬.૮૪ ઓનલાઈન મોડથી ભરપાઈ થયેલ.

૨.૭ ગ્રાહક દ્વારા જુન–જુલાઈ–૨૦૨૦ થી કોઈ પેમેન્ટ થયેલ ન હતું. જેથી માહે ડિસેમ્બર–જાન્યુઆરી–૨૦૨૧ ના બિલીંગ બાદ ગ્રાહકના વિજ બિલ પેટે રકમ રૂા.૧૦૫/૩૯ બાકી રહેલ હતા. જેથી ગ્રાહકનું વિજ જોડાણ તા.૧૬/૦૩/૨૦૨૧ ના રોજ સીસ્ટમમાં રદ(X) કરેલ હતું.

૨.૮ આમ, ગ્રાહકશ્રીને દિવસ–૩૦ ની નોટીસ બજવેલ અને ત્યારબાદ ગ્રાહકશ્રી દ્વારા ઓનલાઈન પેમેન્ટ થયેલ હતું. પરંતુ, રીકનેકશન ચાર્જ ભરપાઈ કરેલ નહી હોવાથી કનેકશન રી કનેકશન થયેલ નહી અને તા.૧૬/૦૩/૨૦૨૧ ના રોજ કનેકશન પીડીસી કરવામાં આવેલ અને ત્યારબાદ લીગલ નોટીસ પણ કાળાનાળા સબ ડિવિઝન દ્વારા ૩૫૦૯ તા.૩૦/૦૪/૨૦૨૧ થી બજવેલ હતી.

૨.૯ આમ, ઉપરોકત માહિતીને ઘ્યાને લઈ કંપનીની તરફેણમાં યોગ્ય કરવા વિનંતી.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી દિપેશકુમાર કીરીટભાઈ ત્રિવેદી દ્વારા તેમના ભાવનગર સ્થિત ઘર વપરાશના વિજ કનેકશન નં–૩૦૪૩૧/૦૪૧૧૬/૪ ને પ્રતિવાદી પીજીવીસીએલ ની કચેરી દ્વારા મામૂલી રકમ બાકી હોવાથી કોઈપણ નોટીસ આપ્યા વગર કનેકશન કાપી નાંખતા ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ વાદીની રજૂઆતને રૂબરૂ સાંભળવા ફોરમ દ્વારા આજરોજ તા.૧૮/૦૪/૨૦૨૩ ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ. જેમાં, વાદી હાજર રહેલ નહી. પ્રતિવાદીના પ્રતિનિધિએ હાજર રહી રજૂઆત કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૩ પ્રતિવાદીના લેખિત જવાબ તેમજ મૌખિક રજૂઆતો ને ધ્યાને લેતાં જણાય છે કે, વાદી તેમના વિષય વાળા વિજ કનેકશન વાળી જગ્યાએ ભાવનગર સ્થિત ફલેટમાં રહેતા ન હોઈ, બિલ ભરવામાં અનિયમિત હતા. પરંતુ, જયારે જયારે પ્રતિવાદીની કચેરી દ્વારા જાણ કરવામાં આવી છે ત્યારે બાકી રકમ ભરપાઈ કરી આપતા હતા.

૩.૪ વાદી દ્વારા જુન–જુલાઈ–૨૦૨૦ થી કોઈ પેમેન્ટ કરવામાં ન આવતા, બાકી રહેલી રકમ રૂા.૧૦૫/૩૯ ભરપાઈ ન થતાં પ્રતિવાદી દ્વારા ગ્રાહકનું વિજ જોડાણ તા.૧૬/૦૩/૨૦૨૧ ના રોજ તેમની સીસ્ટમમાં રદ(X) કરવામાં આવેલ. જે અંગેની નોટીસ વાદીને આપતા વાદી દ્વારા તે રકમ ભરપાઈ કરી આપેલ.

૩.૫ આ અંગે પ્રતિવાદી જણાવે છે કે, વાદી દ્વારા બાકી રકમ ભરપાઈ કરેલ છે. પરંતુ, કનેકશન રદ થતા પુનઃ જોડાણ ના ચાર્જ એટલે કે રીકનેકશન ચાર્જ અને રીફીકસીંગ ચાર્જ પેટેના અંદાજે રૂા.૨૩૬/– હજુ પણ વાદીએ ભરેલ ન હોઈ, તેમના વિજ જોડાણને પુનઃ શરૂ કરેલ નથી.

૩.૬ આ તબકકે ફોરમને જણાય છે કે, નોટીસ આપ્યા બાદ ગ્રાહકે વીજ જોડાણના બાકી નાણા સમય મર્યાદામાં ભરપાઈ કરી દીધેલ હોય ત્યારબાદ પીજીવીસીએલ દ્વારા વીજ જોડાણ રદ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે તે બિલકુલ યોગ્ય નથી ગ્રાહકે વીજ જોડાણ ચાલુ કરવા માટે રીક્નેક્શનના ચાર્જ ભરપાઈ કરેલ નહોતા પણ તે માટે પ્રતિવાદી તરફ થી કોઈ પત્ર વ્યવહાર કે હકારાત્મક પગલા લેવામાં આવેલ નથી અને મનસ્વીપણે વીજ જોડાણ બંધ કરેલ છે તે બાબતની ફોરમ ગંભીર નોંધ લે છે અને આ પ્રક્રિયા બાબતે નારાજગી દર્શાવે છે.

૩.૭ આથી હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા કપાયેલ ઉપરોક્ત વીજ જોડાણ તાત્કાલિક ધોરણે ચાલુ કરી આપવાની કાર્યવાહી કરવી અને સંબધિત જવાબદાર કર્મચારી/ અધિકારીને સખ્ત ઠપકો આપવો.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | (ગેરહાજર) | |
| **(શ્રીમતી જે.એમ.મહેતા)** | **(એન.આઈ.ઉપાધ્યાય)** | **(એન.સી.મકવાણા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ :– ૧૮/૦૪/૨૦૨૩.

Redressal Forum P.G.V.C.L. Bhavnagar